અગત્યનું
જા.નં./મા-૨/૨૦૨૧/૩૨૨૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨,બી-૩
અઠવાલાઇન્સ,સુરત.
તા. ૧૬/૦૩/૨૦૨૧.

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર અને જિલ્લાની તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ
પ્રાથમિક /માધ્યમિક/ઉ.મા.શાળાઓ.

**વિષય :-** આંતરશાળા દેશભકિત સમૂહગીત સ્પર્ધા નું આયોજન કરવા બાબત.

ઉપરોકય વિષય પરત્વે જણાવવાનું કે આપની શાળાઓમાં સૌ ભેગા મળી દેશભકિતનું ગાન કરીએ. તો થઈ જાઓ તૈયાર ...અને દેશપ્રેમની ભાવનાને વ્યકત કરવાની તક માટે એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા આપને જણાવવામાં આવે છે. જે તે શાળાઓએ કરેલ સ્પર્ધાઓની હાર્ડકોપી અથવા ઇ-મેઇલ થી મોકલાવવાનું રહેશે. પ્રવેશપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ-૩૧/૦૩/૨૦૨૧ છે. જેમાં નીચે મુજબના સ્થળ,સમય,વાર,તારીખ અને ઇ-મેઇલ **(gajarabaschool@yahoo.com)** જણાવવામાં આવેલ છે. આ સાથે સ્પર્ધાની માહિતી અને પ્રવેશપત્રનો નમૂનો સામેલ છે.

**સ્પર્ધાની તારીખ**:-૧૦/૦૪/૨૦૨૧

**વાર**:-શનિવાર

**સમય**:-સવારે ૯: ૦૦ કલાકે

**સ્થળ**:-આઇ.જી.દેસાઇ વિદ્યાસંકુલ,ગજરાબા પ્રાથમિક શાળા,ભટાર ચાર રસ્તા,સુરત

**ફોન નં**.-૦૨૬૧-૨૨૬૨૭૦૨

**શાળાના આચાર્યનું** :-સોહમ ભટ્ટ (મો.નં.૭૪૩૫૮૯૫૧૪૩)

**સંપર્ક** :- કિનાબેન દેસાઇ (શિક્ષક) (મો.નં-૯૯૦૯૨ ૪૩૮૫૦)

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લા, સુરત

H:\RANJANBEN\ANIL BACKUP\M-2\School paripatrma-2.doc



...ના ટ્રસ્ટ પ્રેરિત,

# આઈ. જી. દેસાઈ વિદ્યાસંકુલ
# (ગજરાબા પ્રાથમિક શાળા)
આયોજિત
# આંતરશાળા દેશભકિત સમૂહગીત સ્પર્ધા

સ્પર્ધા તારીખ :–10/04/21
સમય:– સવારે 9:00

હે પ્રીત જહાઁ કી રીત સદા,
મૈં ગીત વહાઁ કે ગાતા હૂઁ.....
ભારત કા રહને વાલા હૂઁ,
ભારત કી બાત સુનાતા હૂઁ.....

આવો, આપણે સૌ ભેગા મળી દેશભકિતનું ગાન કરીએ. એ માટે અમારી શાળા આપ સૌ માટે મંચ લઈને આવી રહી છે, તો થઈ જાઓ તૈયાર... અને દેશપ્રેમની ભાવનાને વ્યકત કરવાની તક ઝડપી લો.

**" મંચ અમારો ગીત તમારું "**

આઈ. જી. દેસાઈ વિદ્યાસંકુલ પરિવાર આપશ્રીને દેશભકિત ગીતની સ્પર્ધામાં જોડાવા ભાવભીનું આમંત્રણ પાઠવે છે.

## અન્ય માહિતી અને સૂચન :

- આ સ્પર્ધા ફકત પ્રાથમિક વિભાગ અને મા.ઉ.મા. માટે માન્ય ગણાશે.
- સ્પર્ધામાં વિજેતા થયેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓને પારિતોષિકથી બિરદાવવામાં આવશે.
  પ્રથમ પારિતોષિક – મ્યુઝિકલ કી–બોર્ડ (યામાહા કંપની)
  દ્વિતિય પારિતોષિક – હાર્મોનિયમ (પાલિતાણા સૂર)
  તૃતિય પારિતોષિક – તબલા
- ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પ્રમાણપત્ર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર શાળાએ આપેલ સમયથી ૧૫ મિનિટ પહેલા આવીને રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
- આ સ્પર્ધામાં કૃતિ દીઠ ઓછામાં ઓછા ૫ અને વધુમાં વધુ ૧૧ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ દીઠ અલગ અલગ એન્ટ્રી મોકલાવી શકાશે.
- આ સ્પર્ધામાં વધુમાં વધુ ચાર વાજીંત્રોનો ઉપયોગ કરી શકાશે. (ઈલેકટ્રોનિક વાજીંત્રો સાથે ચાર ઈલેકટ્રોનિક વાજીંત્રો જેક ટુ જેક (લાઈન આઉટ) આપવામાં આવશે.) ડ્રમસેટ લાવી શકાશે નહી (સમય મર્યાદાના ભાગ રૂપે)
- સંગીત વગરની કૃતિ માન્ય ગણાશે નહીં.
- પ્રવેશ ફોર્મ સાથે પસંદ કરેલ કૃતિની બે નકલ ફરજીયાત આપવાની રહેશે. કૃતિની નકલ વગરનું ફોર્મ માન્ય ગણાશે નહી. (સ્પર્ધાના સમયે ગીત બદલાશે નહીં.)
- સ્પર્ધામાં ગેરફિલ્મી ગીત જ રજૂ કરવાનું રહેશે.
- ગીતની નકલમાં ગીતનાં કવિ, સ્વરકાર, ગાયક/ગાયિકાનું નામ ફરજીયાત લખવાનું રહેશે.
- સમયમર્યાદા વધુમાં વધુ ૫ મિનિટ રહેશે. કૃતિ ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રજૂ કરી શકાશે.
- દરેક સ્પર્ધકે યુનિફોર્મમાં આવવાનું રહેશે.
- સ્પર્ધામાં ભાગ લેનારની યાદી પ્રવેશફોર્મ સાથે તા.31/03/2021 સુધીમાં મોકલવાની રહેશે. નિયત તારીખ બાદ પ્રવેશફોર્મ લેવામાં આવશે નહી.
- સ્પર્ધામાં નિર્ણાયકનો નિર્ણય આખરી રહેશે.
- સ્પર્ધાનું પ્રવેશફોર્મ સોમ થી શુક્ર ૭:૩૦ થી ૧૧:૩૦ સુધીમાં અને શનિવારે બપોરે૧૧:૩૦ થી ૨:૦૦ સધીમાં (રજાના દિવસો સિવાય) શાળાનાં રિસેપ્શન કાઉન્ટર પર જમા કરાવવાનું રહેશે.
- વધુ માહિતી માટે શાળાના કાર્યાલય પર સંપર્ક કરવો.
- આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી.
- ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા કન્વીનર શિક્ષકશ્રી માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી છે.
- ભાગ લેનાર દરેક શાળાના આચાર્યશ્રીઓને હાજર રહેવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

પ્રવેશફોર્મ મોકલવાનું સરનામું :–
આઈ. જી. દેસાઈ વિદ્યાસંકુલ, ગજરાબા પ્રાથમિક શાળા, ભટાર ચાર રસ્તા, ભટાર સુરત.
ફોન નં : ૨૨૬૨૭૦૨ મો. નં : ૯૯૦૯૨૪૩૮૫૦

- પ્રવેશપત્ર gajarabaschool@yahoo.com ઈ–મેઈલ પર પણ મોકલી શકાશે.



# આંતરશાળા દેશભકિત સમૂહગીત સ્પર્ધા
## પ્રવેશપત્ર

સ્પર્ધા તારીખ :–10/04/2021
સમય:- સવારે 9:00

શાળા : ____________________

સરનામું : ____________________

____________________ ફોન નં : ____________________

આચાર્ય/ આચાર્યશ્રીનું નામ : ____________________ મો. નં : ____________________

કન્વીનરશ્રીનું નામ : ____________________ મો. નં : ____________________

| ક્રમ | વિદ્યાર્થીઓનાં નામ | ધોરણ/વર્ગ |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |
| ૭ | | |
| ૮ | | |
| ૯ | | |
| ૧૦ | | |
| ૧૧ | | |

સ્પર્ધા માટે પસંદ કરેલ ગીતની વિગત
(ગીતની બે નંકલ પ્રવેશપત્ર સાથે અલગ કાગળમાં રજૂ કરવાની રહેશે.)

સંગીતનાં વાદ્યો : ૧.____________________ ૨. ____________________

૩.____________________ ૪. ____________________

- દેશભકિત ગીત સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશપત્ર સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે અને તે અમને માન્ય રહેશે.

તા. : આચાર્યશ્રીની સહી / સિકકો

........................................................................................................................

આજ રોજ તા. : ____________ ના દિવસે આપશ્રીની શાળા ____________________ નું પ્રવેશપત્ર અમને મળેલ છે.

- પ્રવેશપત્ર જમા લેનારનું નામ :
- પ્રવેશપત્ર જમા તારીખ :